# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-10-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

1) કેન્દ્રીય મંત્રીમંડળે આઠમા કેન્દ્રીય પગારપંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી

2) વરસાદની સ્થિતિ અંગે રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી-અન્ય મંત્રીઓએ પણ સ્થિતિનો તાગ મેળવ્યો

3) આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્રમાં ઓરેન્જ અલર્ટ સાથે ભારે વરસાદની શક્યતા-119 તાલુકામાં આજે કમોસમી વરસાદ

4) ઈરાનમાં અપહરણ કરાયેલા ગાંધીનગરના 4 લોકો આજે સુરક્ષિત વતન પરત ફર્યા

5) રાજ્યમાં ટ્રાફિક ઇ-ચલણ ભરવાની પ્રક્રિયા સરળ બનાવવા ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ શરૂ કરવામાં આવી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REV CABINET DECISIONS

કેન્દ્રીય મંત્રીમંડળે આઠમા કેન્દ્રીય પગારપં ચની સંદર્ભ શરતોને મંજૂરી આપી દીધી છે. નવી દિલ્હીમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું , પંચ તેની રચનાની તારીખથી 18 મહિનામાં પોતાની ભલામણો રજૂ કરશે. તેમણે કહ્યું, પંચમાં એક અધ્યક્ષ, એક અંશકાલિક સભ્ય અને એક સભ્ય સચિવ હશે.

**(BYTE: ASHWINI VAISHNAW, UNION MINISTER)**

સરકારે આ વર્ષે જાન્યુઆરીમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર અને અન્ય લાભમાં ફેરફારની તપાસ અને ભલામણ કરવા માટે આઠ-મા કેન્દ્રીય પગાર પંચની રચનાની જાહેરાત કરી હતી.

. . . . . . . . .

# SANJAYSINH-SEOC

અત્યંત ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ ગાંધીનગર રાજ્ય કટોકટી સંચાલન કેન્દ્ર- SEOC ખાતે સમીક્ષા બેઠક યોજી. તેમણે વર્ચ્યુઅલ માધ્યમથી અમરેલી , પોરબંદર, જૂનાગઢ, ગીર-સોમનાથ, ભાવનગર, ભરૂચ, નર્મદા, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લાની પરિસ્થિતિનો તાગ મેળવ્યો. દરમિયાન શ્રી મહિડાએ સંબંધિત જિલ્લા કલેકટરને જરૂરી સૂચનાઓ પણ આપી. સંભવિત જોખમને ધ્યાને લઇ જિલ્લા વહીવટી તંત્રએ જરૂરી તમામ આગોતરી તૈયારીઓ કરીને સાવચેત રહેવા પણ તેમણે અનુરોધ કર્યો.

આ ઉપરાંત જિલ્લા-તાલુકા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓને મુખ્ય કાર્યાલય ખાતે ફરજ પર હાજર રાખવા પણ સૂચન કર્યું. સાથે જ , રાજ્યના વિવિધ સ્થળો ખાતે તહેનાત કરાયેલી NDRF અને SDRF ટીમોની માહિતી મેળવીને રેડ એલર્ટવાળા જિલ્લાઓમાં જરૂર જણાયે વધુ ટુકડી તહેનાત કરવા તેમણે સૂચન કર્યું હતું.

. . . . . . .

# MINISTER VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય મંત્રીમંડળના વરિષ્ઠ મંત્રીઓને રાજ્યમાં કમોસમી વરસાદથી વધુ પ્રભાવિત જિલ્લાઓમાં તાત્કાલિક અસરથી પહોંચીને જરૂરી માર્ગદર્શન આપવા નિર્દેશ આપ્યો છે , જે અંતર્ગત તાપી અને નવસારી જિલ્લામાં કેબિનેટ મંત્રી નરેશ પટેલ તેમજ રાજ્ય કક્ષાના મંત્રી જયરામ ગામીત દ્વારા પરિસ્થિતિનો તાગ મેળવીને સમીક્ષા બેઠક યોજવામાં આવી. શ્રી પટેલે આ મુજબ જણાવ્યું

(બાઈટ – નરેશ પટેલ)

ગીર સોમનાથ જિલ્લામાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ વરસાદથી અસરગ્રસ્ત ગામોની પ્રત્યક્ષ મુલાકાત લઈને પરિસ્થિતિનો ત્યાગ મેળવ્યો.

મંત્રીઓએ ખેડૂતો વતી સરકાર ને રજૂઆત કરી અને અસરગ્રસ્ત ખેતીનો તાત્કાલિક ધોરણે સર્વે થાય એ દિશામાં કામગીરી કરવા માટે ખાતરી આપી હતી.

તો જામનગર અને દેવભૂમિ દ્વારકાના સાંસદ પૂનમ માડમ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી ખેડૂતોને થયેલા નુકસાન બદલ યોગ્ય વળતર આપવાની માંગ કરી હતી.

. . .

# WEATHER FORECAST

આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદી માહોલ રહેશે. હવામાન વિભાગના જણાવ્યાઅનુસાર આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્રમાં ઓરેન્જ અલર્ટ સાથે ભારે વરસાદની શક્યતા છે. આજે ગીર સોમનાથ અને દીવમાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આજે અમદાવાદમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું.

(બાઇટ : પ્રદીપ શર્મા – વૈજ્ઞાનિક)

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................

# RAIN

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કમોસમી વરસાદ થઈ રહ્યો છે. આજે રાજ્યના 119 તાલુકાઓમાં વરસાદ થયો છે , જેમાં સૌથી વધુ પોણા 2 ઇંચ જેટલો વરસાદ અમદાવાદ જિલ્લાના બાવળા , અને ગીર સોમનાથ જિલ્લાના તાલાલા, વેરાવળ, સૂત્રપાડામાં થયો છે.

કચ્છ જિલ્લામાં આજે ભુજ , રાપર, ભચાઉ, અંજાર, ગાંધીધામ અને અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસાયો હતો. જિલ્લાના તમામ પોર્ટ પર ત્રણ નંબરનું સિગ્નલ લગવાયું છે.

છોટાઉદેપુરમાં ત્રીજા દિવસે પણ વરસાદ વરસી રહ્યો છે. કમોસમી વરસાદને લઈને ખેડૂતો ચિંતામાં મુકાયા છે. વરસાદ વરસતા સુખી ડેમમાંથી 522 ક્યુસેક પાણી ભારજ નદીમાં છોડાયું છે.

ભરૂચ જિલ્લાના તમામ 9 તાલુકામાં પણ વરસાદ થયાના અહેવાલ છે. ભરૂચ જિલ્લાના વાગરામાં 4 ઇંચ, હાસોટમાં 3 ઇંચ જ્યારે ભરૂચ , જંબુસર અને ઝઘડિયામાં 1 -1 ઇંચ વરસાદ થયો છે.

અરવલ્લી જીલ્લાના મોડાસા સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલના પગલે 2 થી 3 ઇંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે. તો બનાસકાંઠા જિલ્લાના વડગામ, પાલનપુર, દિયોદર સહિતના વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ વરસ્યો હતો.

. . . . . . .

# IRAN KIDNAPPING

ઈરાનમાં અપહરણ કરાયેલા ગાંધીનગરના માણસાના 4 લોકો આજે સુરક્ષિત વતન પરત ફર્યા છે. એજન્ટ મારફતે માણસા તાલુકાના બાપુપુરા ગામના 4 લોકો ઓસ્ટ્રેલિયા જવા નીકળ્યા હતા. તે દરમિયાન ચારેય લોકોને ઈરાન લઈ જવાયા હતા. આ ઘટના અંગે સ્થાનિક ધારાસભ્ય જે.એસ.પટેલે કેન્દ્રીય ગૃહમંત્રીને રજૂઆત કરી હતી. જેણે પગલે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના પ્રયાસોથી અપહરણ કરાયેલા આ ચારેયને સુરક્ષિત ગુજરાત પરત લાવવામાં સફળતા મળી હોવાનું પૂર્વ ધારાસભ્ય અમિત ચૌધરીએ જણાવ્યું.

(બાઇટ : અમિત ચૌધરી, પૂર્વ ધારાસભ્ય)

. . . . . . . . . .

# E-CHALLAN

રાજ્યમાં ટ્રાફિક ઇ-ચલણ દંડ ભરવાની પ્રક્રિયા હવે વધુ સરળ બની છે. ગુજરાત પોલીસની ટ્રાફિક શાખા દ્વારા ભારતીય સ્ટેટ બેંક- SBI સાથે કરાયેલા સમજૂતી કરાર-MoU અંતર્ગત ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ BBPS મારફતે વિવિધ ઓનલાઇન માધ્યમો દ્વારા દંડની રકમ ચૂકવવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. જેનાથી હવે ગુગલ-પે , ફોન-પે, ભીમ-પે અને યોનો એપ્લિકેશન મારફત વાહન ચાલકો સીધે-સીધી દંડની રકમ ભરપાઇ કરી શકશે.

આ સુવિધાથી વાહનચાલકોને ઓનલાઈન પેમેન્ટના વધુ વિકલ્પો પ્રાપ્ત થશે અને દંડની રકમ ભરપાઇની પ્રક્રિયા વધુ સુવિધાજનક બનશે.

. . . . . . . . .

# DIGITAL PRAMANPATRA

રાજ્યની તમામ સરકારી , અર્ધ-સરકારી અને અન્ય કચેરીઓએ ડિજિટલ સિગ્નેચર ધરાવતા જન્મ-મરણના પ્રમાણપત્રનો તમામ પ્રકારની કાર્યવાહી માટે માન્ય પુરાવા તરીકે ફરજીયાત સ્વીકાર કરવા આરોગ્ય , તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે. CRS Portalમાં જન્મ-મરણના પ્રમાણપત્ર પર નોંધણી કરનાર રજીસ્ટ્રાર-સબરજીસ્ટ્રારની ડિજિટલ સિગ્નેચર સાથેના પ્રમાણપત્ર નાગરિકોને ઇ-મેઇલ આઇ.ડી.પર મોકલાશે તેમજ નાગરિકો રજીસ્ટ્રાર-સબરજીસ્ટ્રાર પાસેથી પણ આ પ્રમાણપત્ર મેળવી શકશે.

. . . . . .

# NEW CHIEF SECRETARY

વરિષ્ઠ સનદી અધિકારી મનોજકુમાર દાસ ગુજરાતના નવા મુખ્ય સચિવ બનશે. હાલ તેઓ મુખ્યમંત્રી કાર્યાલયમાં અધિક મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવી રહ્યા છે. હાલના મુખ્ય સચિવ પંકજ જોશી 31 ઑક્ટોબરે નિવૃત્ત થશે , ત્યારબાદ એમ. કે. દાસ કાર્યભાર સંભાળશે. મનોજકુમાર દાસ 1990 બેચના ગુજરાત કેડરના વરિષ્ઠ IAS અધિકારી છે. તેમને પ્રશાસનિક ક્ષેત્રે 30 વર્ષથી વધુનો અનુભવ છે અને રાજ્ય સરકારના અનેક મહત્વના વિભાગોમાં તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

. . . . . .

# AI MEDICAL CAMP – AKASHWANI

આકાશવાણી અમદાવાદ ખાતે એક ખાનગી સંસ્થા દ્વારા આજે AI મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પગના દુખાવા અને પગને લગતી અન્ય બાબતો અંગે તપાસ અને માર્ગદર્શન આપાયું.

(બાઇટ – ડૉ. આયુષી શાહ)

. . . . . . . . . . . . .